# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮ A તા.૧૯-૧૦-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- "એકતા યાત્રા મહોત્સવ"ના ભાગરૂપે શહેરકક્ષાની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- અ.મ્યુ.કોર્પો. ઓફિસ ઓર્ડર નં.૭૭ તા.૧૦-૧૦-૨૦૧૮

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે, અમદાવાદ શહેરમાં તા.૨૦-૧૦-૨૦૧૮ થી તા.૨૯-૧૦-૨૦૧૮ દરમ્યાન તમામ વોર્ડમાં એકતા યાત્રા યોજાનાર છે. આ એકતા યાત્રા મહોત્સવ અંતર્ગત શહેરના વિદ્યાર્થીઓને જોડવાના ભાગરૂપે તથા વિદ્યાર્થીઓમાં અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કવન વિશે જાગૃતિ ફેલાય તે અર્થે ધો. ૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ માટે તા.૨૨-૧૦-૨૦૧૮ના રોજ શાળા સમય દરમ્યાન ભાષાના તાસમાં ૩૦ મિનીટના સમયમાં નીચેના વિષયો ઉપર ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

➢ **સ્પર્ધાના વિષયો :-**

૧. સરદાર અખંડ ભારતના શિલ્પી
૨. એકતામાં અખંડિતતા
૩. સ્પષ્ટ વક્તા સરદાર

➢ **નિબંધ સ્પર્ધા નીચેની સુચનાઓ અંતર્ગત કરશો.**

- ધો.૬ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- સ્પર્ધાનો વિષય ઉપર મુજબ રહેશે.
- નિબંધ સ્પર્ધાની ભાષા ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી રહેશે.
- સ્પર્ધાની સમય મર્યાદા ૩૦ મિનીટની રહેશે.
- શાળાકક્ષાએ સ્પર્ધા તા.૨૨-૧૦-૨૦૧૮ના રોજ શાળા સમયે યોજવાની રહેશે.
- શાળાના ભાષા શિક્ષક અને મુખ્ય શિક્ષકશ્રીએ ધો.૬ થી ૮ના વિદ્યાર્થીઓએ લખેલ નિબંધ પૈકી એક શ્રેષ્ઠ નિબંધને ઝોન કચેરીએ મદદનીશ શાસનાધિકારીશ્રીને તા.૨૨-૧૦-૨૦૧૮ના રોજ ૫.૩૦ કલાક સુધીમાં પહોંચાડવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીનું નામ, શાળાનું નામ, ધોરણ, વિષય, વિદ્યાર્થી અને વર્ગ શિક્ષકશ્રીના સંપર્ક નંબરનો ઉલ્લેખ કરવાનો રહેશે.
- મદદનીશ શાસનાધિકારીશ્રીએ બનાવેલ ત્રણ ભાષા શિક્ષકોની નિર્ણાયક સમિતિ ઝોનકક્ષાએ આવેલા દરેક શાળાના શ્રેષ્ઠ નિબંધો પૈકી ઝોનકક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરના નિબંધો નક્કી કરશે.
- ઝોનકક્ષાએ આવેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવશે.

તા. ૧૯-૧૦-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી